# ૨. લિક્વિડેટર ના હિસાબો

૧. એક કંપની સ્વૈચ્છિક ફડચામાં ગઈ. તેનાં બિનસલામત દેવાં રૂ. ૨,૪૦,૦૦૯ હતાં. પસંદગીના લેણદારોને નાણાં ચૂકવ્યા પછી લિક્વિડેટર પાસે વધેલ રોકડ રૂ. ૧,૮૩,૬૦૦ છે. લિક્વિડેટરને મહેનતાણા તરીકે પસંદગીના લેણદારો સહિત બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમના ૨% રકમ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. લિક્વિડેટરને મહેનતાણા તરીકે કેટલી રકમ મળશે?

૨. રોની લિમિટેડ ફડચામાં જતાં તેની મિલકતો વેચતાં રૂ. ૪,૫૦,૦૦૦ મળ્યા અને રૂ. ૫,૧૦,૦૦૦ ચૂકવવાપાત્ર છે, જેમાં રૂ. ૧૫,૦૦૦ પસંદગીના લેણદારોનો સમાવેશ થાય છે. લિક્વિડેટર તેણે વેચેલ મિલકતની મળેલ રકમના ૩% અને બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમના ૨% લેખે મહેનતાણું મેળવવા હકદાર છે. લિક્વિડેટરના મહેનતાણાની ગણતરી કરો.

૩. કંપનીના વિસર્જન સમયે એક કંપનીના ચોપડામાં બિનસલામત લેણદારોની બાકી રૂ. ૨,૯૨,૬૦૦ હતી. લિક્વિડેટર પાસે માત્ર રૂ. ૨,૪૨,૨૫૦ હતા. લિક્વિડેટર બિનસલામત લેણદાર ચૂકવેલ રકમ પર ૨% લેખે મહેનતાણું મેળવવા હક્કદાર છે. લિક્વિડેટરનું મહેનતાણું ગણો અને બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમની ગણતરી કરો. આખરી ડિવિડન્ડનો દર ગણો.

૪. પસંદગીના લેણદારોની રકમની ગણતરી કરો :

૧) ૪ કારકુનનો છેલ્લા બે મહિનાનો પગાર, દરેકનો માસિક પગાર રૂ. ૧૧,૦૦૦ લેખે.

૨) પ્રોવિડન્ટ ફંડ રૂ. ૧૨,૦૦૦, કર્મચારી કલ્યાણ ફંડ રૂ. ૮૪૫૦.

૩) મ્યુનિસિપલ વેરા ચાલુ વર્ષના રૂ. ૭,૯૫૦.

૪) ડિરેક્ટર ફી રૂ. ૯,૪૮૦.

૫) બે વર્ષ પહેલાંનો આવકવેરો બાકી રૂ. ૩૩,૯૫૦.

૫. નીચેની વિગતો પરથી પસંદગીના લેણદારો અને બિનસલામત લેણદારો શોધો:

(૧) કુલ કાનૂની ખર્ચા રૂ. ૭૯,૯૦૦, જેમાં નીચેની રકમનો સમાવેશ થાય છે:

(અ) મિલકતોની ઊપજ પર ૨% લેખે અને બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમ (પસંદગીના લેણદારો સહિત) પર ૧.૫% લેખે લિક્વિડેટરનું મહેનતાણું.

(બ) લિક્વિડેશન ખર્ચા રૂ. ૨૦,૦૦૦.

(૨) બૅન્ક સિલક રૂ. ૨,૭૫,૦૦૦.

(૩) મિલકતોની ઊપજ રૂ. ૨૫,૦૦,૦૦૦.

(૪) પસંદગીના લેણદારો બિનસલામત લેણદારોના ૧૦% જેટલા છે.

૬. એક કંપનીનું વિસર્જન થયું ત્યારે બિનસલામત દેવું રૂ. ૫૦,૦૦૦ હતું. તે ઉપરાંત નીચેનાં દેવાં પણ ચૂકવવાપાત્ર હતાં :

(૧) છેલ્લા નાણાકીય વર્ષના મ્યુનિસિપલ વેરા-રૂ.૧૦૦૦

(૨) બે વર્ષ પહેલાંનો વેચાણવેરો-રૂ.૨૦૦૦

(૩) ડિરેક્ટરની ફી ચૂકવવાની બાકી-રૂ.૧,૫૦૦

(૪) છૂટા કરવામાં આવેલ કામદારોને રજાનો છેલ્લાં ત્રણ વર્ષનો પગાર-રૂ.૩,૦૦૦

(૫) કર્મચારી રાજ્ય વીમા યોજના હેઠળ છેલ્લાં બે વર્ષની ચૂકવવાપાત્ર રકમ ૧,૬૦૦ (ગયા વર્ષના રૂ. ૧,૦૦૦ + અગાઉના વર્ષના રૂ. ૬૦૦)

(૬) બે કારકુનનો છેલ્લા ત્રણ માસનો પગાર-રૂ.૨૦,૦૦૦

પ્રેફરન્શિયલ દેવાં અને બિનસલામત દેવાં શોધો.